गुजरात विद्यापीठ ग्रंथालय
(गुजरात कॉपीराइट विभाग)

૪૦૫૦

अनुक्रमांक [illegible] किंमत

ग्रंथनाम [illegible]

वर्गांक

વિદ્યાપીઠ

૪૦૫૦ પૃ. ૧૨૨

હરિશ્ચંદ્ર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

મુંબઈ ગુજરાતી નાટક મંડળી.

સર્વ હક્ક સ્વાધીન.

મુંબઈ:-

પારસી પ્રિંટિંગ પ્રેસમાં છાપ્યું છે.

સને ૧૮૯૦. સંવત ૧૯૪૬

કીંમત રૂ ૦-૨-૦

પાત્રો.

શિવ..................મહાદેવ
ઇંદ્ર ....સ્વર્ગનો રાજા
બૃહસ્પતિ............દેવતાના ગુરૂ
નારદ ....મુનિ
અગ્નિ................દેવ
વરૂણ ....,,
યમરાજ ....,,
કાર્તિકસ્વામી ......દેવતાઓનો સેનાપતિ તથા શિવનો પુત્ર
જયન્ત...................ઇંદ્રનો પુત્ર
વસિષ્ઠ..................એક ઋષિ હરિશ્ચંદ્રના ગુરૂ
વિશ્વામિત્ર.............એક ઋષિ

સોમદત્ત.........
શંખદત્ત......... } વિશ્વામિત્રના શિષ્ય
બાળક ....

હરિશ્ચંદ્ર............અયોધ્યાનો રાજા
તારામતી............તેની રાણી
રોહિત................તેનો પુત્ર
કલહંસ ....તેનો મિત્ર
ન્યાયમૂર્તી............તેનો પ્રધાન
ચિત્રસેન ....કાશીનો રાજા (ઇંદ્ર)
ચંચળપ્રભા ....તેની રાણી (ઇંદ્રાણી)
ચંદ્રસેન ....તેનો કુંવર (જયન્ત)
કૃશાનંદ ....કાશીનો એક બ્રાહ્મણ (શિવ)
રમા... ....તેની સ્ત્રી (પાર્વતી)
હારિત ....તેનો પુત્ર (કાર્તિક)

અપ્સરા, વારાંગના, સિપાઇ, દરબારી, દાસીઓ, ઢેડ, તેની સ્ત્રી, ખેડુતનું કુટુંબ, ભૂતો વિગેરે.

નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

સ્થળ—સ્વર્ગ, અયોધ્યા તથા કાશી.

ઇંદ્રની સભામાં દેવતાઓ પોતાની બડાઇ મારે છે, તેને બૃહસ્પતિ તથા નારદ ઠપકો દેછે. તેટલામાં વસિષ્ઠ વિશ્વામિત્ર ત્યાં આવી ચઢે છે. વાતો કરતાં વસિષ્ઠ પોતાના શિષ્યનાં વખાણ કરે છે, તેથી અદેખાઇને લીધે ગુસ્સે થઇ વિશ્વામિત્ર તેની નિંદા કરે છે. વચમાં વચમાં નારદજી બન્નેને ઊશ્કેરે છે. અને કજીઓ વધી પડે છે. પછી વિશ્વામિત્ર સોગન લેછે કે મારે હરિશ્ચંદ્ર પાસે અન્યાય કરાવવો.

દેવતાઓ આથી ગભરાઇ જઇ કાંઇ ઊપાયની વેતરણમાં પડે છે. તેટલામાં વિશ્વામિત્ર એક ડૈત્યને મોકલી અયોધ્યાની આસપાસના લોકોને બહુ દુઃખ દેછે.

રાણી તારામતી બાગમાં સુતી છે ત્યાં તેને કાંઇ ખરાબ સ્વપ્નું આવવાથી તે ગભરાય છે; તેને રોહિત અને હરિશ્ચંદ્ર દિલાસો દેછે, તેટલામાં વિશ્વામિત્રના શિષ્યો આવી તે ઋષિ તરફથી એક લાખ સોના મહોર માગે છે. રાજા તે આપે છે એટલે શિષ્યો તે લઇ ન જતાં તેની પાસેજ રહેવા દેછે. એટલામાં હરિશ્ચંદ્રને ખબર પડે છે કે તેના લોકોને કોઇ દૈત્ય દુઃખ દેછે. રાજા તેની પછવાડે લાગેલો ઋષિના આશ્રમ પાસે આવી ચડે છે, ત્યાં વિશ્વામિત્ર એક ખોટી નદી અને શિવાલય પેદા કરી તેને ભમાવે છે. આ નદી તીરથ એમ કહી તેને નહાવાનું કહેછે. અને તેને સંકલ્પ કરાવવા માયાથી ઉત્પન્ન કરેલા બ્રાહ્મણને મોકલે છે. અને પછી એક નાગકન્યાને પાતાળમાંથી ખેંચી કાઢે છે. રાજા દક્ષણા આપવાનું કહે છે એટલે આ બે છોકરાંનાં લગ્ન કરવાં છે એમ કહી કન્યાદાનમાં પોતાની મરજીમાં આવે તે આપવાનું વચન રાજા પાસેથી લઇ તેને ઘેર જવા વિશ્વામિત્ર રસ્તો બતાવે છે. રાજા ગયા પછી એ છોકરાને અને નાગ કન્યાને પરણાવી દાનમાં હરિશ્ચંદ્રનું આખું રાજ આપી દેછે.

—o—

અંક ૨ નો.

હરિશ્ચંદ્ર પોતાની દરબારમાં આનંદમાં બેઠાછે ત્યાં વિશ્વામિત્ર આવી પોતે દાનમાં તેનું આખું રાજ આપવાની વાત કહે છે. દરબારીઓ બહુ ના પાડે છે પણ હરિશ્ચંદ્ર ન માનતાં તે બ્રાહ્મણના છોકરાને સિંહાસનપર બેસારી રાણી અને કુંવર સાથે ચીથરાં જેવાં કપડાં પહેરી નીકળી જાય છે. જંગલમાં લોકો તેને વળાવવા જાય છે, ત્યાં વિશ્વામિત્ર આવી તેની પાસે તેણે કબુલ કરેલું સોનું માગે છે. હરિશ્ચંદ્ર કાશી જઈ આપવાનું કબુલ કરેછે, એટલે વિશ્વામિત્ર તેની સાથે પોતાના શિષ્ય (ગાલવ)ને મોકલે છે. વનમાં દાવાનળ ભૂત અને પિશાચથી દુખી થતાં થતાં તે કાશી આવી પહોંચે છે, ત્યાં વિશ્વનાથ મહાદેવના મંદિર આગળ કાશી રાજાની રાણી ચંચળપ્રભા અને કુમાર ચંદ્રસેન તેને મળે છે. તેઓ તારામતિ અને રોહીતને પોતાની સાથે લઈ જવાનું કરે છે પણ તે જતાં નથી એટલે દિલગીર થઈ નાસ્યાં જાય છે. ગાલવ પોતાના સોનાની બહુ આકરી ઉઘરાણી કરે છે તેથી રાજા રાણી અને કુંવર વિચાર કરી, રાણીને વેચી નાખવાનો ઠરાવ કરી બજારમાં જાય છે. બજારમાં કુશાનંદ નામનો બ્રાહ્મણ અને તેનો છોકરો હારિત રાણી અને રોહીતને વેચાતાં લેછે. તેટલામાં વિશ્વામિત્ર આવી ચડેછે અને હરિશ્ચંદ્ર પાસે દાનપરની દક્ષણા બદલ બીજી દશ હજાર મહોર માગે છે અને તે મેળવવા રાજાને ઢેડને ઘેર વેચેછે.

———:o:———

અંક ૩ નો.

ઢેડના ઘરમાં હરિશ્ચંદ્ર રહેછે પણ તેની બાઇડીઓને ઠીક નથી પડતું તેથી તેને સ્મશાનમાં રહેવાનું ઠરે છે. કુશાનંદ બ્રાહ્મણને ઘેર તારામતિ અને રોહિત રહેછે ત્યાંથી એક દિવસ હારિત અને રોહિત પોતાના ગોઠિયા સાથે વગડામાં રમવા જાય છે. ત્યાં રોહિતને સર્પ કરડે છે તેથી સૌ રડવા માંડે છે. તેટલામાં વિશ્વામિત્રનો મોકલેલો વૈતાળ આવી હારિતને ઉપાડી જાય છે. તેમજ કાશી રાજાના ઘરમાં સુતેલા તેના પુત્રને પણ ઘરની ભીંત ફાડી અંદર આવી વૈતાળ ઉપાડી જાય છે. તા

રામતિને રોહિત, હારિતની ખબર થતાં કૃશાનંદની રજા લઈ, પોતાના છોકરાને શોધી, સ્મશાનમાં બાળવા જાય છે. પણ હરિશ્ચંદ્ર તેને પોતાના શેઠનો કર લીધા વિના બાળવા દેતો નથી. કરનો પૈસો લેવા તારામતિ ગામમાં આવે છે ત્યાં રસ્તામાં વિશ્વામિત્રે મારી નાખેલા હારિત અને ચંદ્રસેનને દેખે છે. તેટલામાં સિપાઈઓ અને પોતાના છોકરાને શોધવા નિકળેલો રાજા ચિત્રસેન ત્યાં આવી પુગે છે. તારામતિ ખુની ઠરે છે તેને ગરદન મારવાનો હુકમ થાય છે. સ્મશાનમાં હરિશ્ચંદ્રને હાથે મારી નખાવવા માટે દોરી તારામતિને લાવે છે. પતિ–પત્ની બહુ દુઃખી થાય છે, પણ નિરૂપાયે, અને મરશું તો સુખી થશું એમ સમજી, હરિશ્ચંદ્ર તારામતિને મારવા તરવાર ઉગામે છે. એકાએક શિવ આવી તેનો હાથ પકડી તારામતિને બચાવે છે. ઇંદ્ર વિગેરે બીજા દેવતાઓ પણ આવી પહોંચે છે. શિવજી હરિશ્ચંદ્રને બધી વાત સમજાવે છે. રોહિત, હારિત અને ચંદ્રસેન જીવતા થઈ આવે છે, તેની ઓળખાણ પાડે છે. દિલગીર અને નાસીપાસ થયેલા વિશ્વામિત્ર ત્યાં આવી હરિશ્ચંદ્ર પાસે માફ માગે છે, અને તેને તેનું રાજ પાછું લેવા આગ્રહ કરે છે. પણ હરિશ્ચંદ્ર પોતે દાન કરેલું પાછું લેવાની ના પાડે છે, તેથી મહાદેવજી રાજનો મુગટ રોહિતને પહેરાવી સર્વને આશીરવાદ દે છે.

હરિશ્ચંદ્ર

અંક ૧ લો.

૧

અપસરાઓ—સર્વ દેવનો રક્ષક છે મહારાજ ઇંદ્ર દેવ;
નારદ સારદ બૃહસ્પતી સહુ કરે તેનિ સેવ, સ૦
ધર્મરાજ મહારાજ નમે, નમે વરુણ અગ્નિ દેવ.
દેવતણું દુખ નિવારવાને ઉત્સુક તતખેવ. સ૦

૨

દેવાંગનાઓ—ઇંદ્રદેવ સમ દેવ ન બ્રહ્માંડ માંહી, નાહીં નાંહી ધન નનનનનનન;
ફર ફર ફર ફર ફર ફર ફર ફર છનનનનનનન(૩) ઇં૦
સર સર વાના છર છર ઉદકાના; સપાટા અહા!
સપાટા અહા! સપાટા અહા! મઝા શી!! ઇં૦

૩

ઇંદ્ર૦—નવાં સુખ નવા ઉમંગ, નવી ગમ્મત નવી પ્રીત,
નવાં અન્નપાન, આનંદ આનંદ ન૦
ત્રિભુવનમાં ઇંદ્રધામ, સર્વ સુખકેરૂં ઠામ,
અન્ય ઠામ ના વિરામ, આનંદ આનંદ ન૦

૪

ઇંદ્ર૦—અલગ તમે સહુ થાઓ;
કૌશિક ઋષી અહિં આવી ચડે છે તેથી ગુપ્ત થઇ જાઓ. અ૦
શાપ ઋષીનો એવો તમને જોતાં નર્કે જાઓ;
કેમ સ્મરણ એ રહે ન તમને નજરે કાં દેખાઓ? અ૦

૫

વસિષ્ઠ—પ્રબલ સૂર્યવંશી મહારાજ હરીશ્ચંદ્ર છે ધર્મનાં વખત નિજ ગાળનારો;
સત્યટેકી અને એક વચની વળી પતિવ્રત પ્રેમથી પાળનારો પ્ર૦
સ્વજન સુખમાં નીજ સુખ માનતો તેમનાં દુઃખને ટાળનારો;
મૃત્યુલોકે નથી એક જેવો અવર સત્યના માર્ગપર ચાલનારો પ્ર૦

૬

વિશ્વામિત્ર—સમજ્યા વિનાનું આ તે કામ મેં શું કીધું !
ઝેર જાણી જોઈ હાથે હળાહળ પીધું. સમ૦
અહંપાદમાં ન સૂઝ્યું મને કાંઈ સીધું;
ગમે તેમ સાચું ખોટું મુખે બોલી દીધું.
જૂઠા વાદથી મેં હાથે દુઃખ વ્હોરી લીધું. સ૦

૭

વિશ્વામિત્ર—સત્ય વ્રત એનું ક્ષણમાં સુકાવું હું
સુકાવું સુકાવું સુકાવું હું. સ૦
શરણ કરણમાં સહુથી હું બળિયો, ભમાવી જાઉં વડાનું સુ૦
વસિષ્ઠનું તપ જોતાંમાં લઈ લઈ નારદને પછી નમાવું સુ૦

૮

નારદ—ધરણીધર સુખકર પ્રભુ મંગળરૂપ ધ્યાનમાં ધરું;
અજર અમર અક્ષર છે અગોચર, હરી હરીનું સ્મરે હંમેશા ધ૦
નારાયણ, નરસીંહ, નરોતમ, રટણ પ્રભુનું કરું હંમેશા ધ૦

૯

નારદ—શંભુ નારિ પુત્ર સાથે ભૂમિ ઉપર આવ્યા;
સત્યને સહાય થવા મારે મન ભાવ્યા.
ઇંદ્ર ધર્મરાજ છે કૈકુંળ સાથ લાવ્યા:
રૂપ જુજવાં ધરી જુદા જુદા વસાવ્યા.
એકમેકના વિચાર છે નહી જણાવ્યા;
સત્યની કસોટીએજ સૌને સલચાવ્યા.

૧૦

રોહિતાશ્વ—દોડે હરણ વેગે ભર વનમાં,
બ્હીકથી ધ્રુજે તન ઉડે ગગનનમાં દો૦
સિંહ ઘવાઈ આવે ધાઈ;
શકે છુપાઈ ન ગુફા ગહનમાં દો૦
રમે રમત શુરવિર રિંછ સાથે;
ડરે નહી ક્રૂર પ્રાણીથિ મનમાં. દો૦

૧૧

રોહિતાશ્વ—આ વેલિયો છવાઈ ધારિ છે ઘટા બની;
દિસે ખુબી ખિલેલ શી નવાં ફુલોતણી. આ૦

હરિયાળી સુંદર ખિલી ભૂપર રહી છવાઈ;
પંખી નાદ મનહર કરે મન બહુ બહુ મલકાઈ.
નિહાળતાં તણુજ ચિત્ત પ્રસન્ના બણી. આ૦
સુગંધથી ભરપૂર આ થડો વાયુ વાય;
અનુભવતાં આ સર્વ સુખ રાજમ્હેલ વિસરાય.
અત્યાર હર્ષ થાય શોક દુઃખને હણી. આ૦

૧૨

નારદ—માત તરફડે પુત્ર વિનાની, વિયોગ દુઃખે રડતી છાની;
તેમ છતાં સુત ધરિ નાદાની, જાય ન મા પાસે.

૧૩

નારદ—જળમાં, સ્થળમાં, સર્વમાંહે, તુજ મુર્તી વસે ત્રિભુવનમાં વસે.
આકારે સિદ્ધ નિરાકારે પ્રસિદ્ધ છો, વસી રહ્યા ઋષિ મુનિ મનમાંહે તુ૦
દયાળુકારક નામ છે તારું એજ મારું તન ધનમાંહે તુ૦

૧૪

રોહીતાશ્વ—સ્વપ્નાવશ થઈ છે માતા મિત્ર મારી, ચિંતાતુર
ચહેરો મુખે છે લવારી સ્વ૦
કરતી હશે મન ફિકર એ બિચારી, મનના તરંગે થઈ દુખિયારી સ્વ૦
મ્હારી કે પિતાની પ્રજાની કે ન્યારી, કરે એ ચિંતા હું જગાડું
આ વારી સ્વ૦

૧૫

દાસીઓ—ઊઠો ઊઠો મહારાણી કેમ નિદ્રા ઘેરાણી? કેમ૦
દિવસે સુવું એ ભાઈ ન સારું સંધ્યાથી પૃથ્વી છવાણી. કેમ૦
બાગ મહીં આ છુટ્યા ફુવારા, ઠંડક આપે છે પાણી. કેમ૦

૧૬

તારામતી—આ સ્વપ્નામાં શું દીઠું મેં જગનાથ ઓ હરી!
દીઠું અદીઠું ન થાય કંપે કાય ઓ હરી. આ૦
તજીને રાજપાટ સ્વામી વન વિષે ગયા;
વૈરાગ વાધ્યો ચિત્ત છેટી મુજને કરી. આ૦
વિસારી સ્વામી ચાલ્યા પુત્ર તે પણ ગયો;
તલવાર ઉગામી જેવી રીતે જાગતી કરી. આ૦

૧૭

રોહિતાશ્વ—ધરો ખેદ શાનો (૨) માતા રે; તજી કેમ દીધી છે
ધીર? તજી૦ ધરો૦

સ્વપ્નાં જુઠાં તે સહુ જાણો મનતણી ભ્રમણાય;
દુઃખી થવું નિરુપાય (૨) ધરો૦.
જ્ઞાની માજી બાળક છું હું ગુરુથી બોધ ન થાય;
સ્વસ્થ બનોને માય (૨) ધરો૦.

૧૮

રોહિત—કંપે શીદ ડર ધરીને? ફરીને ફરીને
ભ્રમથી ડરીને ભ્રમથી ડરીને
સ્થીરતા કરીને, બીક સંહરીને, ધીર તું ધરીને,
સ્થીર થા ઠરીને, મમતા ભરીને, સમરી હરીને ક૦
સમર્થ છું તુજ દુઃખ હરવા, ભવતણી ભ્રમણા દૂર કરવા;
ચીંતાને પરહરીને, મા. ક૦

૧૯

બુદ્ધિ—કાં ધ્યાન ન ધર ડર પ્યારી?
સુંદર સુંદર મુખ ઝાંખું થયું;
નૂર બદનનું ક્યાં ઉડી ગયું? કાં૦
થા નહિં બુરી ખુશ કુદરત દેખી, બાગ નીરખી સુખકારી
કેમ શોક આ જણાયે આજે? સમજે નહિં માની મારી કાં૦

૨૦

તારામતી—નાથ નાથ નહિં નહિં મમ આશુ નહિં આશા
નહિં કંઈ તમને,
કેમ રહું હું આપ વિયોગે? પતિ મારા કૃપા કરિ આપ દૂર થાઓ નહિં.
નાથ થશે શું સમજ પડે નહિં, ચિંતાતુર મન બહુ અકળાયે;
સ્વપ્નાની શંકા ઉપજાવે અનિષ્ટ એ સુચવે મન કહિં રૂચે નહિં ના૦

૨૧

રોહિત—નહીં નાનો પિતાજી ભણ્યો,
ક્ષત્રી કહો ક્યમ કાયર બને?
કેમ રમે, કહો ક્યમે, ક્રોધ શમે, એ તણો?
ડરી ન છુપાવે સહુ મળ્યું ગણાયે, દીન જનનાં, દુખ હરતાં,
સુખ કરતાં, પ્રિતિ ભરતાં, નીતિ ધરતાં, નહીં ડરતાં,
રણ તરતાં, શુર ઠરતાં,
ક્યાં લાયક ન ભણ્યો, મને શું ચોડો કે ભણ્યો! ના૦

૫૦૮

૨૨

જયન્ત—જુલમ થાયેરે, કરૂં શું મને કંઈ નહિ સમજાય,
ના જડે ઉપાય, મન બહુ અકળાયે. જુ૦
વિના વાંકે દુઃખી કરી સજ્જનને, રાજી થાય અંતરમાં પાપી;
સહન કેમ કરી શકાય, જુલ્મથકી અન્યાયે ? જુ૦

૨૩

જયન્ત—પાખંડી પાપી જાણ્યારે. ઋષીઓ મને. પા૦
પાપ તે કરતાં ન જરી શરમાયે. પા૦
તપેસરીનું ડોળ તે ઘાલે, કપટે દિલ નહી દુભાયે. ઋષિ૦

૨૪

જયન્ત—પાપી ઋષી મુની ઢોંગી ને પાખંડીના સરદાર છે;
ભક્તી ખરીનું નામ નહી દુર્ગુણના ભંડાર છે;
છળ કપટમાં પૂરા અસત્ય તણા ખરા આધાર છે;
પીડે બીજાને ના ખરી દિલમાં દયા તલભાર છે.
હીરા જણાયે ઉપરથી પણ અંતરે અંગાર છે;
માળા જટા દાઢી બધા ઠગવાતણા શણગાર છે;
જનોઈ આ જગમાં ખરા જમદૂતના અવતાર છે,
ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર છે ધિક્કાર છે.

૨૫

કાર્તિકસ્વામી—બહુ છકી મન ગર્વથી અપમાન કરે તું મારૂં,
શરમ ન આવે શું, વિચાર ન લાવે શું,
થાશે નહી રૂડું તારૂં. બહુ૦
મદ તારો ઉતારૂં ઉતારૂં ઉતારૂં,
પછી ઉઘડશે આંખ તારી પૂરો પસ્તાશે ભારી. બ૦

૨૬

કાર્તિક—કુપુત્ર એક શુદ્ધ કુળમાં અંગારો છે;
તમામ આબરૂને માન બાળનારો છે.
કીરતી મેળવે મહાન જીંદગી સુધી;
પદુષ્ટ પુત્ર ળમાં નામ ટાળનારો છે
અસત્ય દંભમાં પૂરો ઠગાઈમાં મ્હાલે;
અધર્મી પાપ માર્ગ ઉપર ચાલનારો છે.

૨૭

કાર્તિક જયન્ત કાર્તિક જયન્ત

આતે કેવી રીત ! તોડી નાખી પ્રીત, ભુલ્યો તું ખચીત, તું સમજનાર
સમજ
બોલવાનું ન ભાન, નથી તું નાદાન, છતાં નથી સાન, તું૦
ઓઢી દે તું તોર, જોવું તારૂં જોર, થશે કે કઠોર, તું૦
થા ત્યારે તૈયાર, કરે ન લગાર, થશે તું ખુવાર, તું૦

૨૮

જુલી—કાંઈ કાંઈ રે ભલું કાંઈ કાંઈ,
હું બહુવારૂં, વદતાં વરસાડું, બોલતાં હારૂં, તો આહડે મારૂં કાં૦
નાના ધણીની હું ધણીઆણી,
કાળો વાળો રે, મારો લાલો રે, બાઈ કાળો રે, મારા વરપર વારૂં.

૨૯

જહૂરો—ભોગ મારા ભલા છે જહૂરો બન્યો રામ નામ છું
કોઈ કહે રૂ આપ, કહું તારો હું બાપ,
કોઈ કહે રામ આપ, કહું છરીએ કાપ,
નહિ તો તારૂં નાક કાપ. ભોગ૦
કહે લાકડી લાવ, કર કાકડીનો ભાવ,
કોની આવશે તાવ ? અહીંઆં કોને ત્યાં વાવ?
ત્યાં ભગાભાં નાવ. ભોગ૦

૩૦

જહૂરો—તારી હંગાથે રે આવવું લાગે ન હાંઉં,
જુલી—હાલ ને હમણાં રે' નહિતો લાતે હું મારૂં,
જહૂરો—આલ મારા મુખડાંની ગાળ,
જુલી—વાહરે જોર તમારૂં !
જહૂરો—રમવું, કુદવું રે કોણ કે' એને નઠારૂં?
જુલી—રમવા જાતાંરે હમણાં મોત થનારૂં. આહ૦ વાહ૦
જહૂરો—સોડી મને દેરે તારો તોર ઉતારૂં,
જુલી—મને ડરાવેરે આવડું બાળક બશારૂં. આહ૦ વાહ૦

૩૧

દેવ—જય અવિચલ તુજ જગમાંહી થશે,
દુખ તુજ નરપતિ સહુ દૂર જશે. જય૦

સત્યવાદી તુજ સમ નથી કોઈ;
અજબ થાશે તુજ દ્રઢતા જોઈ;
દૈવતને શાપે સુખી તેને દુઃખે થાય દુઃખી,
ધન્ય રાય જશ ગાય, ખુશી થાય દેવતાય;
જગ વિષે વસી યશો, છેલ્લે જશે સ્વર્ગ દિશે. અતિ૦

૩૨

ઋષિ—ધન્ય દિન આજ છે સફલ ઋષિરાજ,
દરશન પામી સુખદાઈ શુભ આપતણું.
થયો મુજ જનમ સફળ શિરતાજ. દીન૦
છોડી હું રાજ સારી ખરી નગરીની મારી,
આવી ચઢ્યો વન ઘનઘોર થઈ ખુવારી,
દિલ ધરિ દયા જરિ બતાવોને વાટ ખરી,
આતુર છું આળવાને સજ્જન સમાજ. દીન૦

૩૩

નાગકન્યા—ધન્ય ધન્ય છઉં હું તમથી, મને કાં સરજાવી શ્રમથી?
સરજાવી તો શોધો સ્વામી, પરણાવો આનંદથી;
નહિ તો સંહારી દો પાછી, કરો કૃપા એ મનથી. ધન્ય૦

૩૪

વિશ્વામિત્ર—આપું કન્યાદાન માંહીં હું હરીશ્ચંદ્રનું રાજ;
બ્રહ્મચારી—સ્વસ્તી સ્વામી સઘળું કર્યું એ ધન્ય દિવસ છે આજ.
નાગકન્યા—કૃતાર્થ હું આજ થઈ ચિંતા મારી સર્વે ગઈ.

અંક ૨ બીજો.

૩૫

વારાંગનાઓ—ત્રિભુવનમાં વ્યાપી નિર્મળ કીર્તી તમારી
સુરનર અસુર શુણીને રીઝયા અનુપમ સહુ સુખકારી;
રટણ સ્મરણથી દુઃખ વિસરાવે, પાપી પ્રાણીને દે તે તારી ત્રિ૦
ધીર ધીમંત અતી ગુણવંત, વળી દિનના ઉપકારી
શિયળે પૂરા રણમાં શૂરા વર્ણનથી શેષ જાય હારી ત્રિ૦

૩૬

હરિ—નિજ સુતના સમ ગણુરો રૈયત ભુપાલ તેજ ગણુય,
તજી તમામ સુખ સાધન નિજનાં
છોડે રંગ રાગ ને અનંગ સંગ અંગ ન ધરે,
પ્રજાતણું દુખ જરિ પણ શુણુતાં કરવા કામ મરે ની.
નિજ સુખ માંહે ડુબી, વિષયથી અંધ થાય અધિક દુખ
આપે નિજ રૈયતને, છે ધિક તેને.
દુનિયાંના રક્ષણને માટે અધીકાર મળ્યો,
એથી ન વેશ ઉલટો ચલાય. નિ૦

૩૭

તારાં—મહારાજ છો દિનના દાતા, નિજ આશ્રમ પ્રજાના ત્રાતા;
ઋષિમુનિજનને છો ત્રાતા, શુભ ગુણ મુનિવર સહુ ગાતા
સત્કાર વિચારિ કરોછો; જન ચિત્ત પ્રિતાગી હરોછો, જગમાં
સત્યે વિખ્યાતા શુ૦
મુખ મધુરી કોમળવાણી, સહુનાં મન લે તે તાણી, નિતિ શાસ્ત્ર
વિષે છો જ્ઞાતા શુ૦.

૩૮

દરબારીઓ—મહારાજ ન કરો જુલમ આ.
જાણાય સઘળે ડગારે. મ૦
આ દાન ન સારૂં; અતી ડગારૂં,
આ મનુષ નઠારૂં શું કરો છો રાજ? જ૦

૩૯

હરિશ્ચંદ્ર—સત્ય ટેક કેમ જાય? ધર્મ મારો કયમ ભુલાય?
કદિ શરીર આ ચિરાય, પણ નહી મુકું.
જળનું કદી સ્થળ થાય, સ્થળ કદી જળમાં સમાય
વચન કેમ ફોક થાય? બોલથી પણુ.

૪૦

રોહિતાશ્વ—સાવધ થા ધીર ધરિને, ચિંતા મનની દુર કરીને;
ઝાઝી હિમ્મત ઉર ભરીને, ક્ષત્રિ ધર્મને અનુસરીને. સા૦
ભવિષ્યનિ ચિંતા મન કરિને, પ્રભુ પદ ચિત અહોનિશ સ્મરિને;
સુત પતિના દુખથિ તું ડરિને, મુર્છિત થઇ હિમ્મત હરિને. સા૦

૪૧

તારા—તાજ વિના મહારાજ તમોને જોઇરે;
હવે સુખતણી પ્રાણ નાથ આશા ખોઇ રે;
દુઃખ મારૂં ન લગાર કુંવરનું શું થાશે રે ?
હાય એનાથી વગડા મોઝાર કેમ ચલાશે રે ?
ટાઢ અને પરસાદમાં ક્યમ રહેશે રે ?
વળિ સખત ઉનાળાના તાપ બાળક કેમ સ્હેશે રે ?
ચિંતા કહી ચિતે નાથ મનમાં મુઝાણી રે;
એજ ડીકર અન્ય ન કાંઇ, મનમાં હું લાવું રે.

૪૨

હરિશ્ચંદ્ર—લખ્યા લેખ પ્યારી ન મિથ્યા થાય, જે બનવાનું
હોય પ્રિયા બનિ જાય લ૦
કહી પુત્ર હું તું સહુકો પિડાય, વચન પ્રાણ જતાં કદે ન મિથ્યાય લ૦
દિધું દાન સર્વન અહીં આં વસાય, ચાલો પ્રાણ સૌ હવે થઇએ વિદાય લ૦

૪૩

બ્રહ્મચારી—દુર રહે ન બાઝ તું નારી.
અરે માન, અરે માન માન, અરે માન માન માન જતિબ્રુ હારી દુ૦
ઓ, હાય તું આઘી રહે, પગે લાગુ છું નમી માગું છું
ઓરે નહિં નહિં ઓરે હમણા નહિં દુ૦

૪૪

નાગકન્યા—વિચાર મારા સ્વામી મુકોને ખોટા વિચાર
શોક ઉદાસી એ દુનિયાના સાથી, માટે તજોને આ વાર આવાર૦
રાજ સુખ રૂડાં ભોગવિયે પિયુજી રિઝો પીને પાઇ પ્યાર, પ્યાર૦
ઋષિજીની કૃપાથી રિદ્ધી ને સીદ્ધી તેતણા મળ્યા છે ભંડાર ભંડાર

૪૫

લોકો—રાજ તમે વિનતી હૃદયમાં ધરો,
હઠિલે ઋષિને આમ હઠ ના કરો રાજ૦
છોકરાઓ—રોહિત રોહિત અમે ક્યાં રમશું ?
ડ્યાણ થઇ જા, સાથે લઇ જા,
તા રા વી ના અ મો ને

સર્વ—સ્હેલ છોડી પડે નહિં, પ્રેમ છોડી જાઉં નહિં,
સેવા સંઘાથે રહી કરશું,
પ્રભુ ન મુંઝાઓ, સાથે લઈ જાઓ,
માયાળુ છો તમો,
તજી અમને, ન જવું ઘટે, સેવક છીએ.
વિનતી સુણો, પ્રભુજી ફરો, આમ ન કરો, દુખડાં હરો,
રાજ માતા કૃપા કરી પાછાં સૌ ફરો. રાજ૦

૪૬

તારા—સુખનો શો ગર્વ આ જગમાં રાજાના રંક તે થાયે;
હતા મુજ નાથ જે પૃથ્વીનાથ બન્યા આજે ભીખારી હાય;
ગયાં ઘડીમાં સુખો તો ઉંડો મામલો તે ન સમજાયે;
હસતું આજે રડતું કાલે રાજે નગરીને કાલે વન;
સંસારનું આ રસ્તું એવું જુવો જેમાં બહુ આપદાયે.

૪૭

હરિ—દુખની રાત પડી છે અમ ક્યારે તે પૂરી થશે?
સુખનો સુરજ આથમ્યો તે પાછો ક્યારે ઉગશે?
હતા એક દિવસ સુખી સહુ આજ રંક દુખી થયાં બહુ,
કર્મ કહાણી કોને હું કહું નસીબ ક્યારે જાગશે? દુખ૦
દુખ નિરાશાને ઉદાસી અમારાં ઘરમાંહે નિવાસી;
આતે બનાવ્યાં છે વનવાસી દુખડાં ક્યારે ભાગશે. દુખ૦

૪૮

રોહિતાશ્વ—તજી ઉદાસી કરોને આહાર ધાર ધીર માડી તું હૈયે;
અમ છે પ્રાણાધાર જાણો છો તમને શું કહીએ?
અન્ન મુકે તન ટકશે શાથી દુખડાં થશે નહિ દુર રે:
કરો એમ મન વિચાર ભાર જડ દુખનો તો વહીએ
અનાથ રાંકતી આવે આ જગમાં સહન કષ્ટ સહુ થાય રે:
થાય પ્રભુની મરજી અરજી પછી કોને રે કરીએ.

૪૯

ભુતડાં—માહરી બામણ જાડો પાડો ચાલે ધમધમ ભમભમકે
માસગર ગોળો અંદર પોલો ઢમઢમ પેટ તેનું ઢમકે,

ગાલવ—સટાક હરિઆ તસાક હરિઆ,
ભુતડાં—ધ્રૂગ ધ્રૂગ ખાઊં ધ્રૂગ ધ્રૂગ ખાઊં;
હરિશ્ચંદ્ર—લે ખા મુજને,
ભુતડાં—ના ના તુજને ભૂખ ભૂખ ખાઊં ભૂખ ભૂખ ખાઊં.
તારા—પતિ ભુતડાંની ભક્ષ બનિશ હું,
રોહિતાશ્વ—માતા નહિં તું ભળી થઇશ હું,
ગાલવ—હરિયા મર તું કે છુટિશ હું,
હરિશ્ચંદ્ર—ગળી જાઓ ભુતડાં છું ખુશિ હું,
ભુતડાં—તનનનનન, છનનનનન, સનનનનન, ખા.

૫૦

ચંચળપ્રભા અને સખીઓ—પ્રિયકર મનહર, સુખકર સુંદર,
પૂજન શંકરનું કરિયે.
અઘહર, અજર, અમર, અગોચર, ધ્યાન, પ્રભુનું જઇ ધરિયે.
અગર. અરગજા, કુમકુમ, કેશર, જઇ મંદિર અંદર ભરિયે;
ને આ ભવસાગરને તરિયે.
સન્મતીદાતા, જગત પ્રખ્યાતા, ત્રિભુવનત્રાતા, અકળ અબાધા,
મુનીજન ગાતા, હે જગત્રાતા, કદિ ન કળાતા, દિન જનના,
મુક્તિ પ્રદાતા, પ્રમુખમનાતા, હે પિતુ માતા, પ્રભુ સાક્ષાતા,
અજર અમર હર, સહુ પર પ્રિત ભર, દુખ હર સુખ કર
પ્રભુ સુખદાઇ છો,
ન્યારી, બલિહારી, વારી, તાપ હરનારી, તારી કૃતી,
સારી, બહુ ભારી પ્રિય૦

૫૧

ચંચળપ્રભા અને સખીઓ—ગાઓ ગાઓ શંભુજી સહુ બ્હેનો;
બહુ મહિમા છે જેનો રે. ગા૦
વ્રત ઉપવાસ કરે જે હોંશે ધન્ય જનમ તો તેનો રે ગા૦
ધારી ગિરિજાપતિ ભોળા, ભાવ ધરો મન એનો રે ગા૦
મુકતીથી સહુ દુખ વામે, જમ ડર તેને શેનો રે ગા૦

૫૨

તારા—સુખ દુખકેરાં ચક્ર જગતમાં વાદળ પેર ફરે છે;
શોક હરખ એ ધરિયા તેની પિડા જીવોને કરેછે;
હતી સ્થીતી સારી, થઇ કંગાળ દુખિયારી.

૫૩

તારા—છો દયાળુ રાણી સુખી કર્યાં રે દઇ ધીર જો.

તારા—માજી આપ દયાથકી મનને ધીરજ થાય;
તોપણ સુતને છોડીને મુજથી ના રહેવાય, છો૦

ચંચળપ્રભા—શા માટે ભમતાં ફરો ચિતડું કરી ઉદાસ ?
રૂણ તમારૂં જાણીને રાખું તમોને પાસ, છો૦

ગાલવ—બાંજનો પૈસો હરામ છે લુચ્ચા પક્કા ચોર;
આપ સોનું તું એકલો ખસિ જાઊં હરામખોર.
છોડું ના તુજને આજે તોડું હું તારૂં શીરજો, છો૦

ચંચળપ્રભા અને સખીઓ—પુત્ર પિતાને માત આ દિસે
ધર્મ અવતાર;
પાપી આ બ્રાહ્મણ દીસતો અધર્મી ક્રુર ગમાર,
ફટ ફટ છે તુંને આપે સુજનને કાં તું પીડજો.

૫૪

હરિશ્ચંદ્ર—દુખી જીવોના છો, શરણ હરિ સેતુ સુખ કરો;
નથી આરો બીજો તમવિણુ પ્રભુજી દુઃખ હરો!
તજી સર્વે આવ્યા, જનનિ સુત પીતા કર ધરો;
સ્વયંભુ શંભુજી, તુજ જય સદા આ જગ કરો,

૫૫

ગાલવ—ઠગારો લુટારો જન નિચ નઠારો તુજ સમો;
દિઠો મેં ના કોઇ કપટિ ન ધુતારો તુજ સમો;
તૃષાને ભુખેથી પિડિત જીવ તોયે મુજ સમો;
દયાળુ માયાળુ અવર ન કૃપાળુ મુજ સમો.

૫૬

તારા—પતિ વેચી દો મમતા ખોટી છોડો, વધુ સ્નેહ હવે ના જોડો.
શુરવીર સ્વામી અમને તરછોડો, પ્રિતથી પિડ

દુઃખના દિન ભૂંડા આવ્યારે,
મારા કેમેં એ તો લખાવ્યારે,
સ્વામી હશે સંબંધ એવો કહું થોડો. વધુ•

૫૭

નેપથ્યમાંથી—ગાયો ઘાસ ચરી વળે ઘર ભણી ગોવાળિયા ગાયછે;
સૂડા કાબર કાગડા ઉડિ સહુ માળા ભણી જાય છે;
પંથી ગામ મહીં પ્રવેશ કરવા આતૂર દેખાય છે;
અંધારૂં જગમાં છવાતું નિરખી સૂર્યાસ્ત આ થાય છે.

૫૮

હરિશ્ચંદ્ર—રે કાશિના જન શુણો વિનતી અમારીઃ
રે કાશિના જન જુવો ની દશા અમારી;
આ નારિ મારિ જીવથી અતિ પ્રાણપ્યારી;
વેચુ છું આજ તમને શિ દશા અમારી;

—:o:—

અંક ૩ જો.

૫૯

હરિશ્ચંદ્ર—તરફડું દિવસને રેન;
કરૂં શું સુઝે નહી રે.
રાજ તાજ ને સાહ્યબી ગયાં ધરાને ધામ;
સુત નારી સર્વે ગયાં જે ઠરવાનાં ઠામ. કરૂં
વિરહ અગ્નિથી અંગમાં શોક ધુવો બહુ થાય;
જ્યમ જ્યમ રાખું ધીર રે જીવ ઝાઝો મુંઝાય. કરૂં
સતિ વ્હાલી જીવથી અને તેથી પુત્ર વિશેષ;
મળશું ક્યારે હે પ્રભૂ બન્યા શા ભુંડા વેશ. કરૂં

૬૦

તવી—મર મર મારા રોયા અભાગિયારે, તારો ચુડલો ફોડું આજ.
ચંડાળ—પેમલી મારી હાંભળ પ્યારી, ગલામ એ છે તારો;
રાંધહે દળહે પાણી ભરહે, થહે હખનો ક્યારો.

નવી—પિટિયા એ સે સુતના હરખો મને તેં ભરખી લહે;
તમને બેને હંગાતે ઝાડું તો તો હખણો થાહે. રો૦
ચંડાળ—માર માં માર માં બાપુડી મારી, મરી ગયો હું જાણુ
નવી—પીટિયા એને કાઢ તું અહીંથી, લેજા તારો પ્રાણ રો૦

૬૧

રોહિત—હાય શી દશા થઈ અમારી હે હરી,
એક ઘડી પણ સુખેથી ના રહ્યાં ઠરી. હાય૦
સત્ય નીતિ ધર્મકેરી વાટે સંચરી,
પૂર્ણ પ્રેમ ધારી કીધી ભક્તી તાહરી
દાદ તોય દાસની ન તેં દીસે ધરી. હા૦

૬૨

તારા—નયન ફરકે છે માઈ આ હવે જમણું અરે!
હૃદય મહિં જ્વાળા લાગી બાળિ રાખ મને કરે;
અશુભ શુકનો આ થાયે ચિત્ત ધીરજ ના ધરે;
પ્રભુજી કર રક્ષા સર્વેની સ્તવું દૃઢ અંતરે.

૬૩

છોકરા—રમિયે રમિયે રમિયે ભાઈઓ રમિયે ભમરડી
હે દોસ્તો રમિયે૦
હારિત—તું ઘોડો અસવાર બનું હું જોય છે શું પડી ?
૧ લો—ઝિણિયા રમત લાગે બહુ સારી મુજને ચકરડી. દો૦
૨ જો—રમિયે સંતાએ ને ગિલ્લી દંડા ના લડી;
૩ જો—હું નહિં રમું આ કેશવા સાથે જાય તે રડી. દો૦

૬૪

હારિત—દુખિ કરી મને મિત્ર ક્યાં ગયો?
વન વિષે અહીં શું પડી રહ્યો?
જનનિ તાહરી દુઃખિ તો થશે,
ખબર આપતાં જીવરે જશે.
તુજ વિના કહે કોણથી રમું?
હવું ભણું અને કોણથી જમું?
તુજ વિના પિડા મિત્ર પામતા,
જો હજી પ્રાણ કાં આ ઉડી જતા!

૬૫

તારા—દિશા શુન્ય વેરાન લાગે ચ્હેન લેશ પડે નહી;
ભણકારા આ તરફ વાગે મનને ધીરજ રહે નહી.
અંધારૂં જો છવાય સંધ્યાકાળ રાત્રી સમી દિસે;
બાળ મારો હજુ ન આવ્યો ગોઠિયા સાથે અહીં
અનેક થાય ઉચાટ ઉરમાં મુઝાય આજ ભમે છે જીવ;
જમણું અંગ ફરકેને મુજને સૂચવે ભુંડું કંઈ.

૬૬

ચંદ્ર—આવે હળતાં, મળતાં, ભળતાં, ગુણ કુળને તન મન જનમાં,
મિત્ર બને જીવજાન સહાયક તે સુખદાય ત્રિભુવનમાં,
મિત્ર માટ નહિં સંકોચાયે, દઈ દેતાં તનમન ધનમાં આવે૦
ત્યારે સદગુણી રાજપુત્ર તે, પીડાતો બહુજ વિઘ્નમાં,
મારો, પ્યારો મિત્ર થવાને યોગ્ય ન લાગે શું તુજ મનમાં?

૬૭

ચિત્રસેન—લેઈ ધસી કરમાં ઉછરંગે, મુખપર મીઠી ચુમી લે રંગે,
હસી હસી જાય સરી સરી ન્હાસી, કાલું વદી મુખ બાલ તરંગે લેઈ.
છાતી સરસું માત દબાવે. રસ ઉલ્લાસ સમાય ન અંગે લેઈ.

દાસીઓ—પોઢો પ્રેમે લાડરવાયા પ્યારારે મારા બાળુડા રાજા,
સુખેથી સુવો નિદ્રામાંહિ થઈ શાંત, મારા રાજ
રાત્રી વીતી ગઈ ઘણી થયો શાંત સંસાર
મીઠી નીંદરમાં પડયાં સુખેથી પશુ પક્ષી નરનાર.
આનંદેથી થાક દિવસનો પરહરવાને પ્યારારે રાજા સુ૦

૬૯

તારા—રોતી કરી તેં બાળ તજી તું મને ગયો, વેરી મારો તું થયો. રો૦
નાનો છતાં મને તું નિત્ય ધીર આપતો;
આજે વિસારી દુઃખ તુ છેટે જાઈ રહ્યો.
જોતીતી તારૂં મુખ પતીના વિયોગમાં
ત્યાં તે હું જોગી હાય કેર તું કરી ગયો,

૭૦

તારા—પ્રાણુરે શું જોઈ નજરે આજે ?
પુત્ર મરણથી અગાધ દુખમાં ડુબીક્યું તડપી આજે. પ્રા૦
નિરખી તમને ખેદ વધે છે, દેવો સઘળા લાજે,
દુખ અપજશને નાખી હાયે ક્રુર નસિબ તો ગાજે પ્રાં૦

૭૧

તારામતી—તુજ કાન્તી મુજ પુત્ર જેવી પ્યારીરે;
વદન સુંદર કરમાયું સુખકારી. તુ૦
નિરખી તને તુજ જનનીની થાશે;
કેવી સ્થિતી દુખિયારીરે.
જળ વિણુ મીન સમી તરફડશે;
મરશે તેહ બિચારીરે.

૭૨

અપ્સરા—જય તુજ જગતમાં જામો, સહ્યાં દુઃખ સત્ય માટે,
ગયો નહિં આડી વાટે, ખોયું સર્વ સત્ય સાટે,
કર્યાં નીચ કામો. જય૦
સત્યતાને રાખી પ્યારી, ધન્ય છે ધીરજ તારી,
થયા સહાય ત્રિપૂરારી, બહુ સુખ પામો. જય૦

૭૩

સર્વેપાત્રો—દુખ હારી સુખકર જગધર તું વરદા,
અખીલ સુરાધીશ દુ૦
ધર્મધરા, પુન્યઝરા, મધુરગિરા, દિન જન ઉદ્ધારા
સૂખકરા, પતિઅમરા, શશિશિખરા, કુમતી હરા;
જળ થળ સચરા, અસુર ગરવના હરા,
મરણુ જનમ ના જરા. તું છે તે તો સમરિયે ભૂધરા,
મનમુજ સુખ દુ૦

સમાપ્ત.